## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ



ગુરૂજી, શાસ્ત્રમાં જુઓ તો... સરકારી ઊચ્ચ હોદ્દા પર રહીને ગાયોની જમીન પડાવી લીધી હોય તો ક્યા પ્રકારનું નર્ક ભોગવવુ પડે...!!

# ધાબા પર સોલારની જગ્યાએ માત્ર સ્ટ્રકચર ઉભુ કરી જતા રહેતા કર્મચારીઓ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૧૨

શહેરના સેકટર-૫ બી ખાતે રહેતા વૃધ્ધે સોલાર પેનલ ફીટ કરવા માટે રૂ.૧.૨૫ લાખ ચુકવી દીધા છે. તેમ છતા અમદાવાદની સોલાર પેનલની એજન્સી કેશવ એન્ટરપ્રાઈઝ દ્વારા ધાબા પર માત્ર સ્ટ્રકચર ઉભુ કરીને જતા રહ્યા હતા. અત્યાર સુધી સોલાર પેનલ કે રૂપીયા પરત ન આપતા કેશવ એન્ટરપ્રાઈઝના માલિક સામે છેતરપિંડી વિશ્વાસઘાત મુદ્દે લડાઈ લડાઈ છે. ઉલ્લેખનીય છે કે કેશવ એન્ટર પ્રાઈઝના માલિક સામે સેકટર-૪ બી ના અન્ય નાગરીકે પણ ફરીયાદ કરી છે.

મળતી વિગત મુજબ શહેરના સેકટર-૫ બી પ્લોટ નં.૫૩૮-૧ ખાતે રહેતા કાંતિલાલ અંબાલાલ મકવાણા નિવૃત જીવન ગુજારે છે. વૃધ્ધના ઘરે સોલાર પેનલ લગાડવાની હોવાથી ગત ફેબ્રુઆરી માસમાં ફેસબુક એકાઉન્ટમાં સર્ચ કરતા વારી કંપનીની ૩૩ કી.વો. સોલાર રૂફટોપ યોજના (કેશવ એન્ટરપ્રાઈઝ) સોલાર પેનલ લગાડવા માટેની જાહેરાત હતી. કેશવ એન્ટરપ્રાઈઝની ઓફિસ (એ-૮૧૫ આઠમો માળ એ બ્લોક જીએસઆરટી ઓફિસ કંમ્પાઉન્ડ) ગીતા મંદિર બસ સ્ટેન્ડ અમદાવાદ ખાતે હતી. વૃધ્ધે મોબાઈલ ફોન કરી કોન્ટેકટ કરતા વશિષ્ઠ સુથાર હોવાનું જણાઈ સાઈટ વિઝીટ માટે ગાંધીનગર તેમના એન્જીનીયર સાહિલભાઈ આવ્યા હતા. સોલાર પેનલ વિશે સમજાવી કુલ રૂ.૧.૨૫ લાખ માં (સબસીડી સિવાય)સોલર પેનલ લગાડવાનું નક્કી થયું હતું. જેને પગલે વૃધ્ધે ગત તા.૧૭-૨-૨૩ ના રોજ રૂ.૩૦ હજારનો ચેક આપ્યો હતો. જે ચેક કલીયર થઈ જતા સેકટર-૫ ના ઘરે ફકત સોલરનું સ્ટ્રકચર ઉભુ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ બાકીના રૂ.૯૫ હજારનો ચેક ગત તા.૨૭-૩-૨૩ ના રોજ કંપનીના કર્મચારીને આપ્યો હતો. જે ચેક તા.૨૯-૩-૨૩ ના રોજ કલીયર થઈ ગયો હતો. ત્યારબાદ કેશવ એન્ટરપ્રાઈઝ દ્વારા કોઈ કામગીરી કરવામાં આવી નથી. જયારે સોલાર પેનલ માટે અવારનવાર ફોન કરતા માલિક તેમજ કર્મચારી ફોન ઉપાડતા ન હતા.જયારે ઓફિસના નંબર પર ફોન કરતા સંતોષકારક જવાબ મળતો ન હતો.જયારે સાઈટ સુપરવાઈઝરે ૪૫ થી ૬૦ દિવસમાં કામગીરી પુર્ણ થઈ જવાની વાત કરી હતી. પરંતુ વૃધ્ધે ૪૫ દિવસની અંદર કામગીરી પુરી થાય તેવો આગ્રહ રાખ્યો હતો. જેથી કેશવ એન્ટરપ્રાઈઝના માલિક વશિષ્ઠ સુથારે સંમતિ આપતા તે શરતોને પગલે કામગીરી સોંપી ચેક દ્વારા પૈસા પણ ચુકવી દીધા હતા. સમય મર્યાદામાં સોલાર પેનલનુ કામ પુરુ ન થતા વૃદ્ધે તેમના દિકરાને વાત કરી હતી.જેઓએ પણ ઓફિસ અને વશિષ્ઠ સુથારને ફોન કરતા સંતોષકારક જવાબ મળ્યો ન હતો. જેથી વડીલનો દિકરો ઓફિસે પહોંચી જતા માલિક તો મળ્યા ન હતા પરંતુ કર્મચારીએ વાત કરાવતા કામ રદ કરી નાણા પરત આપવા જણાવ્યું હતું. જેથી યુનિયન બેંક નો મહેલોલ શાખાનો રૂ.૧.૨૫ લાખનો ચેક આપ્યો હતો. જે ચેક એસબીઆઈ ઉદ્યોગ ભવન ખાતે બેંકમાં જમા કરાવતા અપુરતા ભંડોળના શેરા સાથે ચેક બાઉન્સ થયો હતો. ત્યારબાદ વડીલના દિકરાએ ઓફિસના સરનામે તપાસ કરતા તેઓ ઓફિસ બંધ કરી જતા રહ્યા હતા. જેથી વૃધ્ધે કેશવ એન્ટરપ્રાઈઝના માલિક વશિષ્ઠ સુથાર સામે છેતરપિંડી અને વિશ્વાસઘાતની ફરીયાદ નોંધાઈ છે. ઉલ્લેખનીય છે કે વૃધ્ધની જેમ સેકટર-૪ સી ખાતે રહેતા નિલેશ રમણલાલ પટેલ પાસેથી પણ કેશવ એન્ટરપ્રાઈઝના માલિક પાસે ચેક દ્વારા રૂ.૧,૦૨,૭૦૦ આપ્યા હતા.તેમ છતા માત્ર સ્ટ્રકચર ઉભુ કરી સોલાર પેનલ ફીટ કરવાના વાયદા આપી ચેકથી રૂપીયા મેળવી સોલાર પેનલ પાવર તેમજ અન્ય ઈક્વીપમેન્ટ ફીટ નહી કરી વિશ્વાસઘાત અને છેતરપિંડીની ફરીયાદ નોંધાઈ છે.

## ખૂણેખાંચરેથી

● ગાંધીનગર શહેરમાં આજે ગરમી અને બફારામાંથી રાહત મેળવવા વીજકરણોનો ઉપયોગ ખુબ કરવામાં આવ્યો.

● સચિવાલયની ન્યુ ક્રેડિટ સોસાયટીના સામાન્ય સભા ૧૬મીએ મળશે.

● સચિવાલયની ન્યુ ક્રેડિટ સોસાયટીએ ધિરાણની મર્યાદામાં રૂ. બે લાખનો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

● આજે રાજ્યસભાની ઉમેદવારી નોંધાવા ભાજપના બે ઉમેદવારો આવ્યા ત્યારે ભારત માતા કી જય ના નારાઓથી વિધાનસભા સંકુલ ગાજી ઉઠ્યુ હતુ.

● ગાંધીનગર શહેરમાં છેલ્લા બે દિવસથી ચા ની કીટલીઓ પર ઘરાકી જામેલી જોવા મળી રહી છે.

● ગાંધીનગર શહેરમાં સ્ટ્રીટલાઈટો બંધ રહેવાની ફરિયાદો વધવા પામી છે.

● સે. ૨૫ માં આવેલી સોસાયટીમાં પાડોશી દંપત્તિએ બાળકોને માર માર્યાની ફરિયાદ નોંધાઈ છે.

● અડાલજ પોલીસે ભાટ-કોટેશ્વર ચોકડીએ આઈસરમાંથી વિદેશી દારૂની બોટલો સાથે એક બુટલેગરને ઝડપી લીધો હતો.

● દહેગામની કન્યા શાળામાં બાળકોને ચોપડા-પેનનું વિતરણ અમેરિકા રહેતા અભિષેક અમીન દ્વારા કરવામાં આવ્યુ છે.

● અડાલજ પોલીસે ભાટ કોટેશ્વર ચોકડી પાસેથી જુગાર રમતા ૩ ઈસમોને ઝડપી લીધા છે.

● પથિકાશ્રમ એસ.ટી. ડેપોમાંથી બસમાં ચડતા મુસાફરનો મોબાઈલ ચોરાયાની વધુ એક ઘટના નોંધાઈ છે.

● સોમનાથ બ્રહ્મકર્મ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા ચોપડા વિતરણ કરાયુ હતુ.

● માણેકપુર ખાતે સર્વ મંગલ એજ્યુકેશન અને ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા શૈક્ષણિક સામગ્રીનું વિતરણ કરાયુ હતુ.

● સાદરા વિદ્યાપીઠ દ્વારા વિશ્વ વસ્તી દિવસની ઉજવણીના ભાગરૂપે વિશેષ વ્યાખ્યાનનું આયોજન કરાયુ હતુ.

● માણસા ખાતે માણસા પ્રજાપતિ સમાજ ટ્રસ્ટની કારોબારી બેઠક મળી હતી.

● માણસા રોટરી ક્લબનો પદગ્રહણ સમારોહ યોજાઈ ગયો.

● ગાંધીનગર શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં એસ.ટી.ની સુવિધાની માંગ વધી રહી છે.

● ગાંધીનગર શહેરમાં અધિક શ્રાવણની ઉજવણીની તૈયારીઓ શિવાલયોમાં વેગીલી બની છે.

# ખોડલધામ ટ્રસ્ટ દ્વારા મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કર્યું



ગાંધીનગર,તા.૧૨

આદરણીય શ્રી નરેશભાઈ પટેલના ૫૮ માં જન્મદિવસ નિમિત્તે ગુજરાત અને ગુજરાતની બહાર ૬૯ જેટલી જગ્યાએ મેગા બ્લડ ડોનેશન કેમ્પનું આયોજન કરી લગભગ ૭૫૦૦ જેટલી લોહીની બોટલ એકત્ર કરવા માટે આયોજન કરનાર તમામ મિત્રો, સ્વયંસેવકો અને આ કાર્યમાં યેન કેન પ્રકારે સહકાર આપી આ કેમ્પને સફળ બનાવવા માટે ઉપયોગી થનાર તમામ મિત્રોનો શ્રી ખોડલધામ ટ્રસ્ટ ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરે છે, આપે પણ આવા રક્તદાન કેમ્પનું આયોજન કરી એક રાષ્ટ્ર સેવા બજાવવા માટે નિમિત્ત બન્યા છો

# મુબારકપુરામાં વાનરે મહિલાને બચકુ ભર્યું

## ઘરમાંથી બહાર નીકળતા પણ ગ્રામજનો ડરી રહ્યા છે.

ગાંધીનગર, તા.૧૨

ગાંધીનગર-મહુડી માર્ગ પર આવેલા મુબારકપુર ગામે છેલ્લા કેટલાક દિવસથી વાનરે આતંક મચાવ્યો છે. ગામમાં બે ત્રણ વ્યકિતને બચકા ભર્યા છે. એક વાનર પાંજરે પુરાયો છે.તેમ છતા ગતરોજ અન્ય એક મહિલાને વાનરે બચકુ ભરતા હાહાકાર મચી ગયો છે. ગામમાં નીકળતા પણ ગ્રામજનો ડર અનુભવી રહ્યા છે.

ગાંધીનગરના મુબારકપુર ગામે થોડા સમય પહેલા ઘરમાં ઓસરીમાં સુઈ રહેલા એક યુવકને પગે વાનરે બચકુ ભર્યું હતું. તે યુવકને પગે ૨૬ ટાંકા આવ્યા છે.

જયારે તેની આસપાસમાં પણ નાનાકડા બાળકને વાનર બચકુ ભરવા જતા તે જાગી જતા બચી ગઈ હતી. ત્યારે વનવિભાગ અને સેવાભાવી સંસ્થા દ્વારા મુબારક પુરમાં પાંજરા ગોઠવવામાં આવ્યા હતા. જેમાં એક કપીરાજ પાંજરે પુરાયો હતો. જેથી ગ્રામજનોએ હાશકારો અનુભવ્યો હતો.પરંતુ ગણતરીના દિવસોમાં ફરીવાર એક વાનરે મહિલાને પગમાં બચકુ ભરતા લોહીલુહાણ થઈ જતા સારવાર માટે ખસેડાયા હતા. મુબારકપુર ગામે ફરીવાર કપીરાજે આતંક મચાવતા ગ્રામજનો ફફડી ઉઠ્યા છે. વાનરના હાહાકારને પગલે આસપાસના ગ્રામજનો પણ મુબારકપુર ખાતે આવતા ભયની લાગણી અનુભવી રહ્યા છે. ત્યારે વનવિભાગ તંત્ર દ્વારા કપીરાજને ઝડપી પાંજરે પુરાય તેમ ગ્રામજનો ઈચ્છી રહ્યા છે.



અધિક શ્રાવણ માસનો પ્રારંભ થઈ ચૂક્યો છે. મંદિરોમાં અને ધાર્મિક સ્થળોએ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન થઈ રહ્યુ છે. મંદિરોમાં ઉજવાતા હિંડોળા ઉત્સવે ભાવિકોને ભાવવિભોર કર્યા છે. દરરોજ યોજાતા વિવિધ મનોરથના હિંડોળાના દર્શને ભાવિકો ઉમટી રહ્યા છે. પંચદેવ મંદિરે ડ્રાયફ્રૂટના હિંડોળા યોજાયા હતા. જેના દર્શનનો ભાવિકોએ મોટી સંખ્યામાં લ્હાવો લીધો હતો.

# સૌરાષ્ટ્ર કડવા પાટીદાર સમાજ સે. ૧૨ ખાતે કળશ પૂજન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૨

સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, સેક્ટર-૧૨ ખાતે ઉમા કળશ પૂજન તથા કળશ વિતરણનો કાર્યક્રમ ધામધૂમથી ભવ્ય અને દિવ્ય ભાવ સાથે યોજાયો હતો.

આ કાર્યક્રમમાં ૩૭૫ થી વધુ પરિવારોએ માં ઉમિયાના સ્વરૂપ સમાન કળશને પોત પોતાના ઘરે પધરાવી ધન્યતા અનુભવી હતી.

આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ઉમિયા મહિલા સંગઠન સમિતિ ગાંધીનગરના ઉપક્રમે, સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ ગાંધીનગરના સંપૂર્ણ સહયોગથી અને ઉમિયા માતાજી મંદિર, સિદસરના માર્ગદર્શન અને આશીર્વાદથી કરવામાં આવ્યું હતું.

આ કાર્યક્રમમાં અગ્રણી ઉદ્યોગપતિ અને સમાજ સેવક મગનભાઈ જાવિયા તથા ઉમિયા મંદિર, સીદસરના સંગઠન પ્રમુખ કૌશિકભાઈ રાબડીયા, એન.ડી. પટેલ, જમનભાઈ કાસુન્દ્રા, અંકુરભાઈ ભાલોડીયા, પ્રફુલ્લભાઈ કાથરોટીયા, ભૂપતભાઈ ગામી, રમેશભાઈ જાવિયા, નાનુભાઈ ડેડાણીયા વગેરે આગેવાનોએ તથા સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજના પ્રમુખ વલ્લભભાઈ વાસાણી અને તેની કારોબારી વગેરે આગેવાનોએ હાજર રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

## ભાવસાર મિત્ર મંડળ દ્વારા તેજસ્વી વિદ્યાર્થીઓ સન્માનાશે

ગાંધીનગર, તા. ૧૨

ભાવસાર મિત્ર મંડળ દ્વારા આ વર્ષે પણ શૈક્ષણિક વર્ષ ૨૦૨૨-૨૩ માટે મંડળ તરફથી રમત-ગમત તેમજ શૈક્ષણિક ક્ષેત્રે જુનિયર કે.જી.થી ઉચ્ચ અભ્યાસક્રમના તેજસ્વી ઉત્તિર્ણ વિદ્યાર્થી ભાઈ-બહેનોને પારિતોષિક આપવામાં આવશે. વિદ્યાર્થીઓએ તેમના પરિણામ પત્રક-માર્કશીટની ઝેરોક્ષ નકલો તા. ૩૧ જુલાઈ-૨૦૨૩ સુધીમાં મંડળના હોદ્દેદારોને રૂબરૂમાં અચૂક મોકલી આપવા જણાવાયુ છે. ધોરણ-૧૦ અને ૧૨, સ્નાતક તેમજ વિશિષ્ટ અભ્યાસક્રમની માર્કશીટની બે ઝેરોક્ષ નકલો આપવી. બધી માર્કશીટો પર વિદ્યાર્થી-વાલીનું પુરૂ નામ, સરનામું તથા મોબાઈલ નંબર અચૂક દર્શાવવાનો રહેશે. તા. ૩૧ જુલાઈ ૨૦૨૩ પછી મળેલ માર્કશીટ ઈનામને પાત્ર ગણવામાં આવશે નહી.

# ભાટ પાસે એમેઝોનના પાર્સલ ભરેલા આઈશરના કન્ટેનરમાંથી દારૂની ૫૨૭ બોટલ ઝડપાઈ

ગાંધીનગર, તા.૧૨

ગુજરાતમાં માત્ર કાગળ પર દારૂબંધી છે. ત્યારે ગુજરાતના આસપાસના રાજયમાંથી દારૂ ગુજરાતમાં ઠાલવવા માટે અવનવા પેંતરા રચતા હોય છે.તેમ છતા પોલીસ દારૂ ઝડપી પાડે છે. ત્યારે ગાંધીનગરના ભાટ કનોરીયા હોસ્પિટલ નજીક સર્વિસ રોડ પરથી એમેઝોનના પાર્સલ ભરેલા આઈશર કન્ટેનરમાંથી રૂ.૧.૬૮ લાખનો વિદેશી દારૂનો જથ્થો અડાલજ પોલીસે ઝડપી પાડ્યો છે. પોલીસે કન્ટેનર, મોબાઈલ, તેમજ વિદેશી દારૂ-બિયર સહિત એક આરોપીની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી વિગત મુજબ અડાલજ પોલીસ મથકના પીઆઈ એ.આર.મુછાળની ટીમ પેટ્રોલીંગમા હતી તે દરમિયાન બાતમી મળી હતી કે કોટેશ્વરથી ભાટ કનોરીયા હોસ્પિટલ જતા માર્ગ પર પાર્ક કરેલા કન્ટેનરમાં મોટી માત્રામાં વિદેશી દારૂ ભરેલો છે. જેથી પોલીસ બંધ બોડીના આઈશર કન્ટેનર પાસે પહોંચી ગઈ હતી. આઈસરના કેબીનમાં ડ્રાઈવર લાલસિંહ મદનસિંહ રાઠોડ (રાજપુત)(રહે ગાજુના ગામ તા.માંડેલ ચનાસીવપુર જી ભીલવાડા) મળી આવ્યો હતો. બાદમાં પોલીસે ગાડીની પાછળનો દરવાજો જોતા શીલ લોક માર્યુ હતું. જેથી ડ્રાઈવરે કહ્યું કે દરવાજાનું લોક ડીજીટલ પાસવર્ડ તેમજ ઓટીપી વિના ખુલશે નહી. જેથી પાસવર્ડ મેળવવા માટે પોલીસે ચૌધરી ટ્રાન્સપોર્ટમાં નોકરી કરતા રાકેશ ને ફોન કર્યો હતો. રાકેશના કહેવા મુજબ પ્રોસેસ કરતા લોક ખુલી ગયુ હતું. કન્ટેનરના બીજા દરવાજે પણ લોક માર્યું હતું જે પોલીસે તોડી નાંખ્યુ હતું. ત્યારબાદ કન્ટેનરમાં તપાસ કરતા એમેઝોન કંપનીના માલ સામાનના પાર્સલ હતા. જેથી પોલીસે એમેઝોન કંપનીનો માલસામાન જે તે સ્થિતિમાં રાખી દરવાજો બંધ કરી દીધો હતો. ડ્રાઈવર કેબીનમાં નજર દોડાવતા કેન્ટેનરના કેબીનમાં વિવિધ ખાનાઓ તેમજ ડ્રાઈવર સીટની પાછળ આરામ કરવા માટે રાખેલા સીટ તેમજ બેસવા માટેની સીટ પાસે તપાસ કરતા વિદેશી દારૂની પેટીઓ જોઈ પોલીસ ચોંકી ઉઠી હતી. અડાલજ પોલીસ મથકે જઈ વિદેશી દારૂની ૫૨૭ નંગ બોટલ તેમજ બિયરની ૧૨૦ નંગ મળી કુલ રૂ.૧.૬૭.૮૫૫ નો વિદેશી દારૂબિયરનો જથ્થો મળી આવ્યો હતો. આ અંગે ડ્રાઈવરને પુછપરછ કરતા રાજસ્થાનના ભીલવાડા જિલ્લાના શિવપુરા ગામના મુકેશ કલાલે ભીમગામથી દારૂનો જથ્થો ભરી આપ્યો હતો. અમદાવાદ રીંગરોડ પહોંચીને ફોન કરતા તેનો માણસ દારૂનો જથ્થો લેવા આવવાનો હતો. જેથી પોલીસે વિદેશી દારૂ-બિયરનો જથ્થો કિં.૧.૬૭.૮૫૫ તેમજ એક મોબાઈલ કિં.૩ હજાર, કન્ટેનર કિં.૨૦ લાખ મળી કુલ રૂ.૨૧.૭૦ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી ડ્રાઈવરની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# જિલ્લા રોજગાર વિનિમય કચેરી દ્વારા ગિફ્ટ સિટી ખાતે ભરતીમેળાનું આયોજન

ગાંધીનગર,તા.૧૨

જિલ્લા રોજગાર વિનિમય કચેરી મોડલ કેરિયર સેન્ટર ગાંધીનગર દ્વારા ઔદ્યોગિક રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવ્યું છે. સ્વરોજગાર લક્ષી યોજનાઓની માહિતીનો લાભ લઈ શકશે. જેમાં ધોરણ-૧૨ પાસ તથા ગ્રેજ્યુએટ ઉમેદવારો ભાગ લઈ શકશે. આથી રોજગાર વાંચ્છુક યુવાનો વિવિધ રોજગારીની તકોથી વંચિત ન રહે તથા નોકરીદાતાઓને રોજગાર કચેરી દ્વારા સતત કુશળ માનવબળ પ્રાપ્ત થઈ શકે તે હેતુસર રોજગાર ભરતીમેળાનું આયોજન કરવામાં આવે છે. આ માટે જિલ્લા રોજગાર વિનિમય કચેરી, ગાંધીનગર દ્વારા આગામી ૧૨ અને ૧૩ જુલાઈએ ગાંધીનગરની ગિફ્ટ સિટીના ટેક મહિન્દ્રા લિમિટેડ, ૧૯ મો માળ, કયુસી બિલ્ડિંગ ખાતે સવારે ૧૦ કલાકે ભરતીમેળાનું આયોજન કર્યું છે. જિલ્લા રોજગાર અધિકારી દ્વારા ઉપરોક્ત રોજગાર ભરતી મેળામાં જિલ્લાના તમામ રોજગારવાંચ્છુ ઉમેદવારોને મોટી સંખ્યામાં ભાગ લેવા જણાવવામાં આવ્યું હતું.

# સ્વામિનારાયણ યુનિવર્સિટી ખાતે વૈદિક ગણિત પર વર્કશોપ યોજાયો



ગાંધીનગર,તા.૧૨

શ્રી સ્વામિનારાયણ યુનિવર્સિટી ,કલોલ ,ગાંધીનગર અને વિજ્ઞાન ભારતી-વિજ્ઞાન ગુર્જરી ના સંયુક્ત ઉપક્રમે તેમજ સાંસ્કૃતિક વિભાગ, ભારત સરકાર પ્રાયોજિત પ્રખ્યાત ગણિતશાસ્ત્રી પ્રો. પી.સી. વૈદ્યને શ્રદ્ધાંજલિ રૂપે વૈદિક ગણિત અને પ્રાચીન ગણિતશાસ્ત્રીઓ ના સુવર્ણ સંશોધનો અને સમાજને સમર્પિત સેવા ને આજના યુવાનો થકી પહોંચાડવા અને પ્રેરણા આપવાના પ્રયાસરૂપે એક વિશેષ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. વર્કશોપનો ઉદ્દેશ વૈદિક ગણિતના સમૃદ્ધ વારસાને શોધવાનો અને આ ક્ષેત્રમાં પ્રાચીન ગણિતશાસ્ત્રીઓના યોગદાનને પ્રકાશિત કરવાનો હતો. આ કાર્યક્રમમાં સંસ્થાના સ્થાપક શાસ્ત્રી સ્વામી શ્રી પ્રેમ સ્વરૂપદાસજી ના આશીર્વાદ થકી તેમજ વાઈસ પ્રેસિડન્ટ ભક્તવત્સલદાસ સ્વામી અને ભક્તિનંદનદાસ સ્વામી ના માર્ગદર્શન હેઠળ સંસ્થામાં રાષ્ટ્રીય ઈનોવેશન ફાઉન્ડેશન ના ડિરેક્ટર શ્રી ડો. અરવિંદ રનાડે સાહેબ , ડો. અજીત કોઠારી સાહેબ કે જેઓ ભારત સરકારના સાયન્સ અને તકનિકી વિભાગના ડાયરેક્ટર જનરલ છે. તેઓ થકી વિદ્યાર્થીઓને પ્રોફેસર પી સી વૈદ્યજી વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં માનનીય પ્રવીણજી ,વિજ્ઞાન ભારતી અને ડો. પ્રશાંત કુંજળીયા ,શ્રી જીગ્નેશ બોરીસાગર વિશેષ ઉપસ્થિત રહી અને કાર્યક્રમની શોભા વધારી હતી. કાર્યક્રમના અંતે અનુપમ સ્વામી દ્વારા વિદ્યાર્થીઓને ભારતની અર્વાચીન સંસ્કૃતિ અને ભગવત ગીતા ના ઉદાહરણ થકી વિજ્ઞાનની પરિભાષા સમજાવવામાં આવી હતી. તેમજ સંસ્થાના કુલપતિ પ્રોફેસર ડો. એમ એસ રાવ સાહેબે આ કાર્યક્રમમાં ઉપસ્થિત સર્વે મહાનુભાવો નું સ્વાગત પ્રવચન કરી અને આભાર પ્રગટ કર્યો હતો.

# ગાંધીનગર જિલ્લામાં માતા મરણ અટકાવવા એસ.બી.સી.સી. ટીમ દ્વારા નવતર પ્રયાસ



ગાંધીનગર,તા.૧૨

માતા મરણ અટકાવવા અને માતા મૃત્યુદર ને એક આંકડામાં લઈ જવા માટે આપણે સૌ અથાગ પ્રયત્ન કરી રહ્યા છીએ. તેમ છતાં વખત તો વખત જોખમી સગર્ભામાં વધારો જોવા મળે છે. આ જોખમી સગર્ભાનું વહેલામાં વહેલી તકે સારવાર, નિદાન અને કાઉન્સિલિંગ થઈ શકે અને માતા મરણ અટકાવી શકાય તે માટે અગમચેતીના પગલાં ના ભાગરૂપે માન્ય મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી શ્રી ડૉ એ. જે. વૈષ્ણવ સાહેબ ના માર્ગદર્શન હેઠળ દહેગામ તાલુકાના પ્રા.આ.કે. દેવકરણના મુવાડા ખાતે જોખમી સગર્ભા સાથે મિટિંગનું આયોજન પર આ મિટિંગમાં જીલ્લા કક્ષાએથી એસ.બી.સી.સી ટીમ ડૉ.નેહલ ગજેરા,કેયુર જયસ્વાલ, રીચા પટેલ અને મેડિકલ ઓફિસરશ્રી ડૉ.અંકિતા લિંબાત તેમજ પ્રા.આ.કે સ્ટાફે હાજરી આપેલ .ઉકત મિટિંગમાં પ્રા આ કેન્દ્રની તમામ જોખમી સગર્ભા, ઓછું વજન, હાઈપર ટેન્શન, વ્યસન કરતી મહિલા, મલ્ટીપારા તેમજ રેજીટન્સ સગર્ભા ને બોલાવી ને એમની સાથે પોષણ યુક્ત આહાર સગર્ભા અવસ્થા દરમ્યાન રાખવા ની થતી સાવચેતી વિશે સમજણ આપી અને યોગ,પ્રાણાયામ પણ કરવા માં આવ્યા હતા એ દિવસે પ્રા.આ.કે. પર આર્યન સુક્રોઝ , એફ. સી.એમ.ઈન્જેકશન ની વ્યવસ્થા હતી. આ મિટિંગમાં આવેલ સગર્ભાને નાસ્તો આપવાની વ્યવસ્થા મેડિકલ ઓફિસરશ્રી દ્વારા કરવામાં આવેલ.

## પાલજ ક્રેડીટ કો.ઓપરેટીવ સોસાયટી લિ.

તા. ૧૨/૭/૨૦૨૩

### જાહેર નોટીસ

આથી જણાવવામાં આવે છે કે, અમો શ્રીનિરંજનકુમાર મોહનજી બિહોલા પાલજ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લી. મુ.પો. પાલજ, તા.જી. ગાંધીનગર જેનું હાલનું કાર્યક્ષેત્ર પાલજ અને લેકાવાડા ગામ પૂરતું છે જે હવેથી ગાંધીનગર તાલુકા અને ગાંધીનગર શહેર પૂરતું રાખેલ હોઈ જેની કાર્યક્ષેત્ર માટે દરખાસ્ત બાબતે શ્રી જિલ્લા રજીસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ ગાંધીનગરને કાર્યક્ષેત્ર માટે દરખાસ્ત કરવામાં આવનાર હોવાથી જેથી આ માટે મંડળીના કાર્ય વિસ્તારમાં આવેલ આવા જ પ્રકારની તમામ ક્રેડિટ સરકારી મંડળીઓ તથા સંબંધિત સંસ્થાઓને વાંધા, સૂચનો હોય તો આ જાહેરાતની પ્રસિદ્ધ થયાની તારીખથી લેખિતમાં રજૂઆત દિન-૭ (સાત)ની અંદર અમોને નીચેના સરનામે રજૂ કરવા અનુરોધ કરવામાં આવે છે.

સ્થળ : પાલજ
તા. ૧૨/૭/૨૦૨૩

(નિરંજનકુમાર એમ. બિહોલા)
પાલજ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસયટી લી.
મુ. પાલજ, તા. જી. ગાંધીનગર

**વાંધો સ્વીકારવાનું સ્થળ :**

૧. નિરંજનકુમાર એમ. બિહોલા - ચેરમેન, પાલજ ક્રેડિટ કો-ઓપરેટીવ સોસાયટી લી., મુ. પાલજ, તા.જી. ગાંધીનગર
૨. જિલ્લા રજીસ્ટ્રાર, સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, છઠ્ઠો માળ, ગાંધીનગરની કચેરી